## જન્મદિને વધામણી



ધનંજય આર. જોષી
પત્રકાર, ગાંધીનગર સમાચાર
મો. ૯૮૨૪૩ ૪૩૦૩૮



પ્રા. રમેશભાઈ મ પટેલ
મો. ૯૪૨૮૨ ૧૭૬૮૨



મોક્ષિત બી પરમાર

# એમ બી પટેલ સ્કૂલમાં નંદ મહોત્સવની ઉજવણી





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રમતી એમ બી પટેલ પ્રાઈમરી સ્કૂલમાં એકપાત્રિય અભિનય સ્પર્ધા બાદ નંદ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. મહોત્સવ અંતર્ગત વિદ્યાર્થીઓએ શ્રીકૃષ્ણના જીવન આધારિત નૃત્યનાટિકા પ્રસ્તુત કરી હતી અને એકપાત્રિય અભિનય સ્પર્ધામાં ઐતિહાસિક પાત્રોને પ્રસ્તુત કર્યા હતાં. સ્પર્ધાના વિજેતા તરીકે ધારાબા નરેન્દ્રસિંહ વાઘેલા, કૃપાલી નાનકરાય ઠક્કર, ધૃવી દેવાંગકુમાર નાયક અને અક્ષિયા ઓગસ્ટીનભાઈ બોદરનાં નામ વિજેતા તરીકે જાહેર કરવામાં આવ્યાં હતાં.

## જિલ્લા સાયન્સ ડ્રામા સ્પર્ધામાં એમ બી પટેલ સ્કૂલની હેટ્રીક



ગાંધીનગર, તા. ૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલની વિદ્યાર્થિનીઓએ નૅશનલ કાઉન્સિલ ઑફ સાયન્સ મ્યુઝિયમ, મુંબઈ, ગુજકોસ્ટ અને નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સૅન્ટર, ગાંધીનગર દ્વારા આયોજિત સાયન્સ ડ્રામા સ્પર્ધામાં સ્વચ્છતા, આરોગ્ય અને તંદુરસ્તી વિષયક નાટક પ્રસ્તુત કરીને સતત ત્રીજા વર્ષે આ સ્પર્ધામાં પ્રથમ વિજેતાપદ પ્રાપ્ત કર્યું છે. આ વર્ષે સ્પર્ધામાં કુલ ૮ નાટકો રજૂ થયાં હતાં, જે પૈકી સ્કૂલનું નાટક 'પહેલું સુખ તે જાતે નર્યા' પ્રથમ વિજેતા બન્યું હતું. ૮ વિદ્યાર્થીઓએ આ નાટક માટે પોતાનો અભિનય આપ્યો હતો. માર્ગદર્શક તરીકે મદદનીશ શિક્ષક પ્રવીણાબેન પટેલે ભૂમિકા ભજવી હતી. નાટકનું લેખન શાળાનાં સુપરવાઈઝર ભગવતીબેન દ્વારા કરવામાં આવ્યું હતું.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ કે પટેલ શાળામાં શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ કૃષ્ણ અને રાધાની વેશભૂષામાં સજ્જ થઈને આવ્યા હતા. કાનુડાની મૂર્તિનું સ્થાપન કરી મટકીફોડનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બાળકોએ શ્રીકૃષ્ણના ગીતો પર ડાન્સ કર્યો હતો. શિક્ષિકાઓએ અલગ અલગ પાત્રો ભજવીને બાળકોને શ્રીકૃષ્મ જન્મોત્સવ વિશે માહિતગાર કર્યા હતા. બાળકોને પ્રસાદ આપવામાં આવ્યો હતો.

## સંસ્કાર ગૃપ દ્વારા આજે જ્ઞાન સાથે ગમ્મતની પ્રવૃત્તિ

ગાંધીનગર, તા.૧

બાળકોની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી સંસ્થા સંસ્કાર ગૃપ દ્વારા બાળકો માટે જ્ઞાન સાથે ગમ્મતની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગેની માહિતી આપતાં ગૃપના પ્રમુખ તુષાર દવેએ જણાવ્યું છે કે ગૃપની નિયમિત સાપ્તાહિક બેઠક અંતર્ગત રવિવાર, તા. ૨ સપ્ટેમ્બરના રોજ તહેવારોના મહત્ત્વ વિશે બાળકો સાથે વાર્તાલાપ કરવામાં આવશે તેમજ જ્ઞાન સાથે ગમ્મત થાય તેવી રમતો રમાડવામાં આવશે. ઉપરાંત આગામી સમયના આયોજન બાબતે પણ બાળકો સાથે ચર્ચા-વિચારણા કરવામાં આવશે. જાહેર ઉદ્યાન, સુવિધા કચેરી પાસે, સૅક્ટર-૭ ખાતે સાંજે ૬.૧૫થી ૭.૩૦ દરમિયાન આયોજિત આ પ્રવૃત્તિનો લાભ લેવા માટે સંસ્થાના સભ્ય ઉપરાંત રસ ધરાવતાં અન્ય બાળકોને પણ સંસ્થા વતી તેમણે નિમંત્રણ પાઠવ્યું છે.

# સહજાનંદ સ્કૂલ ઑફ એચિવર દ્વારા જન્માષ્ટમીની ઉજવણી





સહજાનંદ સ્કૂલ ઑફ એચિવર, ચિલોડા ખાતે શનિવારે જન્માષ્ટમી પર્વની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓએ ડ્રામા અને ડાન્સના માધ્યમથી શ્રીકૃષ્ણની જીવનલીલાને તાદશ કરી હતી. વિદ્યાર્થીઓએ સાથે શિક્ષકોએ પણ સક્રિયતા દાખવીને આ ઉજવણીને સાર્થક બનાવી હતી.

## કુડાસણની સ્કૂલ ઑફ અચિવરમાં જન્માષ્ટમીની ઉલ્લાસપૂર્ણ ઉજવણી



સ્કૂલ ઑફ અચિવર, કુડાસણના પ્રાંગણમાં જન્માષ્ટમી મહોત્સવ ખૂબ જ ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ સાથે મળીને કરેલી ઉત્સવ ઉજવણીથી શાળાનું વાતાવરણ કૃષ્ણમય બની ગયું હતું.કૃષ્ણજન્મ અને કૃષ્ણલીલાનાં તમામ પરફોર્મન્સમાં વિદ્યાર્થીઓએ પોતાનો સાંસ્કૃતિક અભિગન તાદશ બનાવ્યો હતો. શાળાના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આચાર્યની ઉપસ્થિતિમાં યોજાયેલ મટકીફોડના કાર્યક્રમે વાતાવરણને જીવંત બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. આનંદ અને ઉત્સાહથી કૃષ્ણલીલા નિહાળતા વિદ્યાર્થીઓએ કૃષ્ણપ્રેમમાં ગળાડૂબ બનાવવામાં કાર્યક્રમ સફળ રહ્યો હતો.



ડિવાઈન જુનિયર પ્રિસ્કૂલ, સૅક્ટર-૬ ખાતે જન્માષ્ટમીની રંગારંગ ઉજવણી કરવામાં આવી હતી. કૃષ્મજન્મ, મટકીફોડ, રાધા-કૃષ્ણ નૃત્ય તથા રાસનું આયોજન સ્થાપક ગિરા ચૌધરીની ઉપસ્થિતિમાં આ ઉપક્રમ અંતર્ગત કરવામાં આવ્યું હતું.



એસ જી અને એસ વી અંગ્રેજી માધ્યમ પ્રાઈમરી પ્રાથમિક શાળામાં શુક્રવારે ઓરી-રૂબેલા રસીકરણ કાર્યક્રમ યોજાયો હતો. ધોરણ-૧થી ૮ના વિદ્યાર્થીઓને આ કાર્યક્રમ અંતર્ગત રસીનો લાભ આપવામાં આવ્યો હતો. ગાંધીનગર સ્વાસ્થ્ય વિભાગ અને વાલીઓનો સહયોગ આ ઉપક્રમ માટે પ્રાપ્ત થયો હતો.

# ગુજરાતની ગોલ્ડન ગર્લની ગોલ્ડ સુધીની સફર













સરિતા, હિમા દાસ, પૂવામ્મા રાજુ મચેટ્ટીરા અને સોનિયા બૈશ્યાએ ઈન્ડોનેશિયાના જાકાર્તામાં હાલ ચાલી રહેલી એશિયન ગેમ્સમાં ભારતે મહિલાઓની ૪/૪૦૦ રિલે દોડમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. આ મેડલ જીતનારી ટીમમાં એક ગુજરાતની યુવતી પણ છે અને તે છે સરિતા ગાયકવાડ.

સરિતા પોતે ગુજરાતના ડાંગ જિલ્લાના નાના એવા ગામથી આવે છે અને હાલ તેઓ અમદાવાદમાં ઈન્કમટેક્સ ઑફિસમાં મલ્ટિ ટાસ્કિંગ સ્ટાફ તરીકે કામ કરે છે. સરિતા ગાયકવાડ નાનપણથી જ ખેલકૂદમાં રસ ધરાવતાં હતાં. તેમનું કહેવું છે, હું નાની હતી ત્યારે ફળિયાના છોકરાઓ જોડે રમવા જતી રહેતી એટલો મને રમવાનો શોખ છે. તેઓની સ્પોટ્ર્સમાં શરૂઆત ખો-ખોના ખેલાડી તરીકે થઈ હતી. ન્યૂઝ ચૅનલ સાથે વાત કરતાં તેઓ કહે છે, જ્યારે પહેલી વખત મારા ગામથી દૂર શહેરમાં હૉસ્ટેલમાં રહેવા આવી ત્યારે એક સરે બધાને પૂછ્યું હતું કે કોને કોને સ્પોટ્ર્સમાં રસ છે ? મેં મારી ફ્રેન્ડને એ પછી પૂછ્યું કે આ સ્પોટ્ર્સ એટલે શું? મને એટલું પણ અંગ્રેજી નહોતું આવડતું. ધીમે ધીમે હું બીજા ખેલાડીઓ સાથે રહીને શીખી.

૨૦૦૫થી તેઓ ખો-ખો રમે છે. ખો-ખોની રાષ્ટ્રીય સ્પર્ધામાં તેઓ ગુજરાત રાજ્ય તરફથી ૧૭ વખત રમી ચૂક્યાં છે. ૨૦૧૨ સુધી તેઓ ખો-ખોની ગેમ રમતાં હતાં, જે બાદ તેમણે એથ્લેટિક્સ શરૂ કર્યું હતું. બીબીસી ગુજરાતી સાથે વાત કરતાં પંચમહાલ જિલ્લાના ઍથ્લેટિક્સના સિનિયર કૉચ પ્રતાપ પસાયાએ કહ્યું કે સરિતામાં નાનપણથી ટૅલેન્ટેડ હતી. તેમણે કહ્યું, તે આદીવાસી વિસ્તારમાંથી આવે છે એટલે તેઓ કુદરતી પ્રતિભા ધરાવતાં છે.

પ્રથમ વખત ૨૦૧૨માં તેમણે નવસારીમાં ખેલ મહાકુંભમાં ભાગ લીધો. અહીં તેઓ પાંચ ઈવેન્ટમાં પ્રથમ ક્રમે આવ્યાં. ઈનામમાં તેમને કુલ ૨૫,૦૦૦ રૂપિયા મળતા તેઓ ખુશીથી રડી પડ્યાં હતાં.

સરિતા કહે છે, પહેલી વખત મેં મારી જિંદગીમાં આટલા બધા રૂપિયા એક સાથે જોયા હતા. જેના બાદ તેની જિંદગીમાં બદલાવ આવ્યો. એક કોચે કહ્યું કે દોડમાં મહેનત કર. જે બાદ મેં સ્ટેટ અને નેશનલ લેવલની દોડમાં મેં ભાગ લીધો. જે બાદ તેમણે નડિયાદમાં સ્પોટ્ર્સ ઍકેડમીમાં જોડાયા અને વધારે ટ્રેનિંગ લીધી. સરિતા ગાયકવાડની ૨૦૧૭માં પટિયાલામાં આવેલી સ્પોટ્ર્સ ઍકેડમીમાં પસંદગી થઈ. આ ભારતીય સ્પોટ્ર્સ ઑથોરિટીનો ભાગ છે. જ્યાં તેમણે તેમની સંપૂર્ણ ટ્રેનિંગ લીધી. સરિતા કહે છે કે આ જગ્યાએ તેઓ ઘણું શીખ્યાં.

તેઓ હર્ડલ દોડ અને રીલે દોડમાં ભાગ લેવા ઈચ્છતા હતાં. જ્યારે ક્વૉલિફિકેશન માટે હર્ડલ રેસ થઈ રહી હતી ત્યારે તેઓ અધવચ્ચે જ પડી ગયાં.

'હું પડી ગઈ એટલે ખબર પડી જ ગઈ કે હવે આપણે આમાં ભાગ નહીં લઈ શકીએ. તો પણ બે રાઉન્ડ ગુંલાટી મારી ઉઠીને દોડના છેલ્લા પૉઈન્ટ સુધી દોડી અને દોડને પૂરી કરી. હારી નહોતી.'

જોકે, તેમની ૪/૪૦૦ મીટર રીલે ટીમમાં પસંદગી થઈ ગઈ. તેઓ જણાવે છે કે દિવસનું એમનું શિડ્યૂલ ઘણું સખત હોય છે. ઘણી વખત તેમને એ પણ ભાન નથી રહેતું કે તેઓ કેટલા કિલોમીટર દોડી ચૂક્યાં છે. નડીયાદના ઍથ્લેટિકસના સિનિયર કોચ મનસુખભાઈ કહે છે કે સરિતા પહેલાં અહીં ટ્રેનિંગ કરતાં હતાં. જે બાદ તેમનું પ્રદર્શન સારું થતાં તેઓ નેશનલ લેવલે રમવા ગયાં અને તેમની ટ્રેનિંગ પટિયાલામાં શરૂ થઈ. તેઓ કહે છે, મારા પરિવારમાં હું, માતાપિતા, બે બહેનો અને એક ભાઈ છે. મારા પરિવારનો મને પૂરો ટેકો છે. તેમને જ્યારે પૂછ્યું કે વિદેશમાં રમવા જાવ અને ટ્રેનિંગમાં મહિનાઓ સુધી હોવ ત્યારે તમે શું મિસ કરો છો? તેમણે કહ્યું, અમારે ત્યાં નાગલીની રોટલી અને દેશી અડદની દાળ બને છે. એને બહુ મિસ કરું છું.

સરિતાને જ્યારે પૂછવામાં આવ્યું કે એવી કોઈ ક્ષણ કે જે તેમને ક્યારેય નહીં ભૂલાય. સરિતાના શબ્દોમાં જ આ વાત કરીએ. ૨૦૦૯નું એ વર્ષ હતું અને ગોધરાનું એક ગ્રાઉન્ડ હતું. એ વખતે તો હું ખો-ખો રમતી હતી. વડોદરા સામેની મેચમાં છેલ્લી પંદર જ સેકન્ડ બાકી હતી. મારે સામેની ટીમની સ્પર્ધકને પકડવાની હતી. ખો-ખોમાં તમારે બન્ને છેડે મૂકેલા પૉલને ફરવું પડે છે. વચ્ચેથી ન જઈ શકો. હવે બન્યું એવું કે એ યુવતી મારી નજીક હતી. અમે લોકો એક પૉલને અડીને જ હતાં. સાંજ પડી ગઈ હતી એટલે થોડું અંધારુ હતું. મેં પૉલ ફરવાને બદલે તેને વચ્ચેથી જઈને પકડી લીધી. રેફરીને પણ ધ્યાનમાં ન આવ્યું. અમે આ મેચ આ રીતે જીતી પણ ગયાં. ૨૦૧૪માં તેમણે ઈન્ટરયુનિવર્સિટી સ્પર્ધામાં ૪૦૦મીટર દોડમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો. જે તેમનો પહેલો નેશનલ મેડલ હતો. બીજા જ વર્ષે તેમણે આ જ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ પોતાનાં નામે કર્યો હતો. ઈન્ડોનેશિયાની રાજધાની જાકાર્તામાં યોજાયેલા એશિયન ગેમ્સ ઈન્વિટેશન ઈવેન્ટ સ્પર્ધા ૨૦૧૮માં તેમણે ભાગ લીધો. જ્યાં તેમણે ૪૦૦ મીટર હર્ડલમાં ગોલ્ડ મેડલ અને ૪૮૪૦૦ મીટર રીલેમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. ૨૦૧૭માં ભુવનેશ્વરમાં આયોજિત એશિયન ઍથ્લેટિક ચેમ્પિયનશીપમાં પણ તેમણે ભાગ લીધો હતો. હવે તેમની ઈચ્છા ગુજરાત માટે ૨૦૨૦માં ટોકિયોમાં આયોજિત ઑલિમ્પિક ગેમ્સમાં મેડલ જીતવાની છે.